## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય

* 15/4/369 **શ્રી પાયલ મનોજકુમાર કુકરાની** (નરોડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત મેડીકલના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચુકવવામાં આવેલ છે, અને | (૧) ૮૧૦૩ વિદ્યાર્થીઓને રૂ.૧૩૮.૪૮ કરોડ |
| (૨) તેમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને કેટલી રકમની સહાય ચુકવવામાં આવે છે? | (૨) તેમાં વિદ્યાર્થીઓને અને વિદ્યાર્થીનીઓને સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦% રકમ અથવા રૂ.૨ લાખ તે પૈકી જે ઓછું હોય તેટલી રકમ પોતાના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહિ મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રહેવા-જમવાની સહાય પેટે રૂ.૧૨૦૦ એમ વાર્ષિક રૂ.૧૨,૦૦૦ રકમ અને પ્રથમ વર્ષે સાધન-પુસ્તક સહાય પેટે રૂ.૧૦,૦૦૦ રકમ ચુકવવામાં આવે છે. |

------------------------------------